



અમારો નવો પક્ષ છે... અમે અહીં ઓફિસે આ ફોટોગ્રાફ લગાવી જ રાખ્યા છે જેથી અમારા કાર્યકરો પાર્ટી ડૂબાડે નહીં.

## આજે બસો બ્યાસી વણકર સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ દ્વારા આજે આંબેડકર હોલમાં તેજસ્વી તારલાઓના સન્માન સમારોહ કાર્યક્રમનું સવારે ૧૦.૦૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં વસતા બસો બ્યાસી વણકર સમાજના પરિવારોની પરિચય પુસ્તિકાનું વિમોચન તેમજ સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાં શિક્ષણમંત્રી રમણલાલ વોરા, પૂર્વ સંસદસભ્ય રતિલાલ વર્મા, આઈ.એ.એસ. ઝવેરભાઈ ચાવડા તેમજ સમાજના અન્ય આગેવાનો હાજરી આપશે. સમારંભમાં ઉપસ્થિત રહેવા સમાજના સર્વે ભાઈ-બહેનોને સંસ્થાના પ્રમુખ મધુકર પરમારે જણાવ્યું છે.

## કરશનપુરા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાનનું પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

કરશનપુરા પ્રાથમિક શાળા (ટીંટોડા)માં સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાવામાં આવ્યું હતું. તેમાં વિભાગ-૧થી વિભાગ-૫ માં ૧૨ કૃતિઓનું પ્રદર્શન યોજાયેલ હતું.

જેમાં વિભાગ-૧માં ઉદ્યોગો, વિભાગ-૨માં કુદરતી સંશોધનો, સંરક્ષણ, વિભાગ-૩માં વાહન વ્યવહાર, સંચાર વ્યવસ્થા, વિભાગ-૪માં માહિતી અને શૈક્ષણિક ટેકનોલોજી, વિભાગમાં-૫માં સામુદાયિક સ્વાસ્થ્ય અને પર્યાવરણનું યોજેલ હતું. વિભાગ-૨માં કરશનપુરા પ્રાથમિક શાળા, વિભાગ-૧માં માનપુરા પ્રાથમિક શાળા, વિભાગ-૩ અને વિભાગ-૪માં જીવનપુરા પ્રાથમિક શાળા વિભાગ-૫માં અમરપુરા પ્રાથમિક શાળાનો પ્રથમ નંબર આવ્યો હતો.

આચાર્યશ્રી નારાયણભાઈ એ જણાવેલ હતું.

## એલ.ડી.આર.પી. કોલેજના વિદ્યાર્થીઓ ઓલ ઇન્ડિયામાં સ્થાન પામ્યા



ગાંધીનગર, તા. ૨૫

એલ.ડી. આર.પી., આઈ.ટી.આર. કૉલેજનાં ૯ વિદ્યાર્થીઓ ઑલ ઈન્ડિયા વેસ્ટ ઝૉન ઈન્ટર યુનિવર્સિટીની રમતોમાં ગુજરાત ટેકનૉલોજીકલ યુનિવર્સિટીની ટીમમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેમાં રાહુલ બારૈયા - ટેબલ ટેનિસ, રૂશીન પરીખ - ટેનિશ, મયુર ગેહાની, પારિતોષ ઉપાધ્યાય, અભિનય યાદવ, ભાર્ગવ પટેલ, હૉકીમાં, સૂરજ શર્મા અને સિધ્ધરાજ સિંધવ, ફૂટબોલમાં રિધ્ધિ નાયક, ઑલ ઈન્ડિયા વેસ્ટ ઝોન યુનિવર્સિટીમાં યુથ ફેસ્ટિવલમાં ભાગ લીધો હતો. જેમાં રિધ્ધિ નાયકે ઈલોકયુશન અને વકૃતત્ત્વ સ્પર્ધામાં તૃતીય સ્થાન મેળવ્યું હતું.

સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલે વિદ્યાર્થીઓને સિધ્ધિ મેળવવા માટે અભિનંદન આપેલ છે. પ્રત્યેક ખેલાડીઓને રૂા. ૫૦૦૦/- ની પ્રોત્સાહન રકમ પાઠવી હતી. આચાર્ય શ્રી ડૉ. ગાર્ગી રાજપરા, ડાયરેકટર ફિઝીકલ એજ્યુકેશન નૌરીન અભિનંદન આપ્યા હતા.

## ગાંધીનગર તાલુકા બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કર્મચારી શરાફી મંડળીના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર તાલુકા બિન સરકારી માધ્યમિક/ઉ.મા. શાળા કર્મચારી વિવિધલક્ષી સહકારી શરાફી મંડળીના વર્ષ ૨૦૧૨-૧૩ના હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે અશોકભાઈ મોદી, ઉપપ્રમુખ તરીકે બાબુભાઈ પટેલ, મેનેજીંગ ડિરેકટર તરીકે ચંદ્રકિશોર તિવારીની નિમણૂંક કરવામાં આવી હતી. ગુણવંતભાઈ પટેલ વયનિવૃત્ત થતાં તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલમાં ૩૧મી સુધી ફોર્મ સ્વીકારાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ ગાંધીનગર જિલ્લાના કેન્દ્ર નિયામક યુવરાજસિંહ વાઘેલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ દ્વારા ગાંધીનગર જિલ્લાના જે ઉમેદવારો માર્ચ ૨૦૧૨ની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના સ્ટડી સેન્ટર પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલય, સેકટર-૩૦ ગાંધીનગરના અભ્યાસ કેન્દ્ર ઉપર ૩૧મી ઓગષ્ટ સુધી ભરી જવા.

જે ઉમેદવારો માર્ચ ૨૦૧૨ની ધોરણ-૧૦ની પરીક્ષા આપવા માંગતા હોય તે ઉમેદવારોએ ગુજરાત સરકાર માન્ય શાળામાં ધોરણ-૭ પાસના કિસ્સામાં ૩૧ જુલાઈ ૨૦૧૩ના રોજ ૧૫ વર્ષ પૂરા કરેલા હોવા જોઈએ. ધોરણ-૭ પાસ ન હોય તેવા કિસ્સામાં ૩૧ જુલાઈ ૨૦૧૩ના રોજ ૧૫ વર્ષ પૂર્ણ કરેલા હોવા જોઈએ બોર્ડની પરીક્ષા આપવા માંગતા વિદ્યાર્થીઓએ શાળા છોડયાનું પ્રમાણપત્ર, છેલ્લા ધોરણની અસલ માર્કશીટ ત્રણ-ત્રણ નકલ સાથે સ્થળ પર જમા કરાવવી. વિદ્યાર્થીઓએ બે પાસપોર્ટ સાઈઝના ફોટા પણ લાવવાના રહેશે.

## રાષ્ટ્રીય શાયર મેઘાણીની ૧૧૬મી જન્મજયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૧૬મી જન્મજયંતી ૨૮ ઑગસ્ટ ૨૦૧૨ના રોજ એમની જન્મભૂમિ ચોટીલા ખાતે વિવિધ સ્મરાંજલિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સરકારના વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ આયોજનમાં ગ્રંથાલય નિયામકની કચેરી દ્વારા તા. ૨૬,૨૭ અને ૨૮ ઑગસ્ટના ત્રિ- દિવસીય મેઘાણી મહોત્સવ યોજાશે. જેમાં મેઘાણીના જીવન- કવનથી બાળકો પ્રરિત અને પરિચિય થાય તે હેતુથી મેઘાણી ગીતો, નિબંધ, વકૃતત્વ વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવશે. ૨૮મી ઑગસ્ટના રોજ સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે કાયમી મેઘાણી કોર્નરનું લોકાર્પણ ગ્રંથાલય નિયામક ડૉ. પ્રદિપભાઈ આઝાદના હસ્તે કરવામાં આવશે.

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા ઝવેરચંદ મેઘાણી રચિત, સંપાદિત ગીતો, લોકગીતો, ભજનોનાં કાર્યક્રમ સોરઠી સંતવાણી લોકડાયરાનું આયોજન માર્કેટ યાર્ડ, ચોટીલા ખાતે રાત્રે ૯.૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

## ભાવનગરનાં લોક સેવક શ્રી માનભાઈ ભટ્ટની ૧૦૪મી જન્મજયંતિ પ્રસંગે શ્રી ગુણવંતશાહનું વકતવ્ય

ગાંધીનગર, તા.૨૫

ભાવનગરનાં લોકસેવક અને ૧૯૩૯માં શિશુવિહાર સંસ્થાની સ્થાપના કરીને ગરીબ શ્રમિકો માટે પ્રવૃત્ત શ્રી માનભાઈ ભટ્ટની ૧૦૪મી જન્મજયંતિ પ્રસંગે મહિલા સશકિતકરણ કાર્યક્રમ યોજાશે.

ગુજરાતનાં જાણીતા ચિંતક શ્રી ગુણવંતભાઈ શાહના સાંનિધ્યમાં યોજાનાર કાર્યક્રમ પ્રસંગે ભાવનગરની ૭ મહિલા વિદ્યાલયોમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતી ૫૦ તેજસ્વી બહેનોને પ્રત્યેકને રૂ. ૨૦૦૦ની શૈક્ષણિક સહાય કરવામાં આવશે તેમજ શહેરની ૩ મહિલા કોલેજોમાં આર્ટસ અને કોમર્સ શાખામાં સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી આશાસ્પદ બહેનોને સ્કોલરશિપનું વિતરણ થશે.

બહેનો શિક્ષિત બને અને આત્મનિર્ભર બને તેવા શુભ આશયથી શિશુવિહાર સંસ્થામાં છેલ્લાં ૪૦ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે ચાલતી પ્રવૃત્તિ અંતર્ગત ભાવનગર નગરપાલિકાની શાળાઓમાં ભણતા ગરીબ બાળકોનાં શિક્ષણની કાળજી લેતી ૧૭ વિધવા માતાઓને સિવણ સંચા, હાથલારી પ્રકારે રૂ. ૫૦૦૦ની મર્યાદામાં સાધન સહાયનું વિતરણ કરવામાં આવશે.

આ પ્રસંગે ભાવનગરના જાણીતા વિજ્ઞાની ડૉ. પંકજ જોષી દ્વારા લિખિત અને તરલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ત્રણ પુસ્તકો ઉપરાંત બીજા ૧૦૦ બાળપુસ્તકોનો સેટ નગરની ૬૪ પ્રાથમિક શાળાને શિશુવિહાર બાળપુસ્તકાલય તરફથી આપવામાં આવશે.

પવિત્ર યાત્રાધામ બોર્ડ, ગુજરાત રાજયનાં ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાનાર કાર્યક્રમ પ્રસંગે શ્રોફ ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટનાં સભ્યશ્રી હિરલબેન દયાલ અતિથિ વિશેષ સ્થાને ઉપસ્થિત રહેશે. જયારે શ્રી વિનોદભાઈ જોષી અને ગુણવંતભાઈના વરદ હસ્તે શ્રી માનભાઈ ભટ્ટનાં બાળ પ્રસંગોનું પુસ્તક 'બાબુના બાળપણ'નું વિમોચન યોજાશે.

## ઈજનેરી અને ફાર્મસીમાં હજુ ૧૦૬૭૮ બેઠકો ખાલી

### પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓની કાર્યવાહી પૂર્ણ : ખાલી બેઠકો અંગે સોમવારે નિર્ણય કરાય તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૫

એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એસીપીસી) દ્વારા ઈજનેરી અને ફાર્મસીની ખાલી રહેલી ૧૩૭૩૭ બેઠકો માટે પૂરક પરીક્ષા અને કોમ્પ્યુટર વિષયવાળા વિદ્યાર્થીઓ માટે તા.૨૩ થી ૨૫ ઓગસ્ટ દરમિયાન હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિય પૂર્ણ થયા બાદ કુલ ૧૦૬૭૮ બેઠકો ખાલી રહી છે. એસીપીસી દ્વારા ત્રીજા રાઉન્ડ બાદ ૫૩૫૩૪ બેઠકોમાંથી ખાલી રહેલી ઈજનેરીની ૧૦૧૯૭ અને ફાર્મસીની ૩૫૪૦ બેઠકો મળી કુલ ૧૩૭૩૭ બેઠકો માટે પૂરક પરીક્ષામાં પાસ અને કોમ્પ્યુટર વિષયવાળા વિદ્યાથીઓ પાસે અરજી મંગાવવામાં આવી હતી. જેમાં ૬૦૨૩ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કર્યુ હતું. જેમાંથી ગુજરાત બોર્ડના ૫૫૧૬ વિદ્યાથીઓ અને ગુજરાત બહારના ૩૩૪ વિદ્યાર્થીઓ મળી કુલ ૫૮૫૦ વિદ્યાથીઓનો મેરીટમાં સમાવેશ થયો હતો. જ્યારે બાકીના વિદ્યાર્થીઓ એલિજિબલ ના હોઈ તેમનો મેરીટમાં સમાવેશ થયો નથી. એસીપીસી દ્વારા તા. ૨૩ થી ૨૫ ઓગસ્ટના રોજ એસીપીસી ખાતે હાથ ધરાયેલી પ્રવેશ પ્રક્રિયામાં કુલ ૩૧૦૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. આજરોજ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એન્જિનીયરીંગમાં ૭૪૫૩ બેઠકો અને ફાર્મસીમાં ૩૨૨૫ બેઠકો મળી કુલ ૧૦૬૭૮ બેઠકો ખાલી છે. આ ખાલી બેઠકો માટે સોમવારે ઉચ્ચશિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા નિર્ણય કરવામાં આવશે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છેકે હવે રીશફલીંગની શકયતા ઓછી છે જેથી ખાલી બેઠકો કોલેજોને જાતે ભરવા અપાય તેવી શકયતા છે. અત્રે ઉલ્લેખનીય છેકે ગતવર્ષે ઈજનેરી - ફાર્મસીમાં અંદાજે ૧૦ હજારથી વધુ બેઠકો ખાલી રહી હતી.



અમદાવાદ વિકલાંગ બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં બાળકો જોડાયા હતા.

## રવિવારની રમૂજ

એક ગુજરાતીએ ચીનમાં જઈને ચાની દુકાન ખોલી.
પરંતુ એને દુકાનનું નામ શું રાખવું એ માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો.
અંતે ચાઈનીઝ લોકોને પોતીકું લાગે અને ગુજરાતીપણું પણ સચવાય એવું નામ એણે રાખ્યું : ફૂંકી-ફૂંકી-પી.

★ ★ ★ ★ ★

ગાંધીજી એક નિર્દોષ માણસનો કેસ લડ્યા અને કૉર્ટમાં જીતી ગયા. નિર્દોષ માણસ બચી ગયો ને એણે ગાંધીજીને એક સવાલ કર્યો, 'બાપુ એ તો સારું હતું કે તમે હતા એટલે હું બચી ગયો. પણ તમે ના હો ત્યારે મને કોણ બચાવશે?' 'મારા ફોટાવાળી નૉટો.'

★ ★ ★ ★ ★

ડૉક્ટર : સાંભળો, તમારા ઑપરેશન પછી અમને ખબર પડી છે કે મારા હાથનું એક મોજું તમારા પેટમાં રહી ગયું છે.
સન્તા : કશો વાંધો નહીં ડૉક્ટર, હું તમને રૂપિયા મોકલાવી દઈશ, તમે બીજું મોજું ખરીદી લેજો.

★ ★ ★ ★ ★

છોકરી : કાલે મારા પપ્પાએ મને તારી બાઈક પાછળ બેઠેલી જોઈ લીધી.
છોકરો : હેં ? પછી શું થયું ?
છોકરી : આજથી બસની ટિકીટના પૈસા બંધ થઈ ગયા. મારું ફેમિલી બહુ કડક છે, યુ નો !

★ ★ ★ ★ ★

નટુ : ભારતીય નારીઓ શા માટે વ્રત કરીને આવતા જન્મમાં પણ આ જ પતિ મળે એવી પ્રાર્થના કરે છે ?
ગટુ : આટલી મહેનત કરીને ટ્રેનીંગ આપી હોય એ કંઈ નકામી થોડી જવા દેવાય ?

★ ★ ★ ★ ★

પત્ની : જોયો, તમે પેલા દારૂડિયાને જોયો ?
પતિ : હા જોયો. કોણ છે એ ?
પત્ની : બાર વર્ષ પહેલાં એણે મને લગ્ન માટે પૂછ્યું હતું ને મેં એને ના પડી દીધી હતી.
પતિ : વાઉ ! એ હજી સેલિબ્રેટ કરી રહ્યો છે, એમ !

★ ★ ★ ★ ★

કેરાલાના ઉચ્ચ ભણતરનો એક નમૂનો.
પોલીસે એક ભિખારીને રડતો જોઈને પૂછ્યું, 'વોટ ઈઝ ધ મેટર ?'
ભિખારીએ જવાબ આપ્યો, 'મેટર ઈઝ એનીથીંગ ધેટ હેઝ માસ એન્ડ ઓક્યુપાઈઝ સ્પેસ.'

★ ★ ★ ★ ★

પાર્ટી માટે તમારી પત્ની કઈ રીતે તૈયાર થાય તો તમને ગમે ? એ વિષય પર પચીસ કે એથી ઓછા શબ્દોમાં જવાબ લખી આપવાની સ્પર્ધા યોજાઈ હતી. એ સ્પર્ધામાં પહેલું ઈનામ કાંતિકાકાને મળ્યું. એમણે આ વિષયે માત્ર એક જ શબ્દ લખ્યો હતો : જલદીથી.

★ ★ ★ ★ ★

પત્ની : મારી નવી સાડી તમને કેવી લાગે છે ?
પતિ : મારા આખા મહિનાના પગાર જેવી.

★ ★ ★ ★ ★

એક મોટી ઉંમરની સ્ત્રી બ્યુટી ક્લિનીકમાં ગઈ. એણે પૂછ્યું, 'આ મારા ચહેરા પરની કરચલીઓ દૂર થઈ જશે ? ડાઘ જતા રહેશે ? મારો ચહેરો....'
'હા, બધું થઈ જશે પણ પાંચ હજાર રૂપિયા ખર્ચ થશે.'
'એટલા બધા ? કોઈ સસ્તો માર્ગ બતાવોને.'
'લાજ કાઢવાનું શરૂ કરી દો.'

★ ★ ★ ★ ★

પત્ની : મેં સાંભળ્યું છે કે સ્વર્ગમાં પુરુષોને અપ્સરાઓ મળે છે. તો એમની સ્ત્રીઓને શું મળતું હશે ?
પતિ : અરે કંઈ નહીં... ભગવાન માત્ર દુખીઓ સામે જ જુએ છે.

★ ★ ★ ★ ★

કવિ : આ દુનિયામાં અંધેર ચાલે છે.
મિત્ર : કેમ ?
કવિ : જો બેંકર બોગસ કવિતા લખે તો કોઈ ગુનો બનતો નથી, પણ કવિ ખોટો ચૅક લખે તો ગુનો બને છે !

★ ★ ★ ★ ★

એક જેલની દિવાલો વધુ ઊંચી બનાવવામાં આવી.
પત્રકારે જેલરને પૂછ્યું, 'કેમ આમ સાહેબ ? કેદીઓ દિવાલ કૂદીને ભાગી જાય છે ?'
'અરે ના ભાઈ, મફતિયા લોકો અંદર આવીને જમી જાય છે !'

★ ★ ★ ★ ★

છગન : આપણાં લગ્નની પચીસમી વર્ષગાંઠે હું તને ફરવા લઈ જઈશ, અંદામાન-નિકોબાર.
પત્ની : અરે વાહ ! આજે સૂરજ કઈ દિશામાંથી ઊગ્યો છે ! તો તમે મને એમ પણ કહો કે લગ્નની પચાસમી વર્ષગાંઠે તમે શું કરવાના છો ?
છગન : હું તને પાછી લઈ જવા આવીશ, છેક અંદામાન-નિકોબાર સુધી.

★ ★ ★ ★ ★

એક માણસ ભગવાનને એકધારો પ્રાર્થના કર્યે જતો હતો. કંટાળીને ભગવાન એની સમક્ષ પ્રગટ થયા ને કહ્યું, 'માગ, તારે માગવી હોય તે મન્નત માગ.'
માણસે કહ્યું, 'ભગવાન, મને પાછો કુંવારો બનાવી દો.'
ભગવાને કહ્યું, 'દીકાર મારા, મન્નત માગ - જન્નત નહીં.'

## લોક સેવાને જ જીવન મંત્ર બનાવનાર એક અલગારી જીવ...પ્રફુલ્લા ભાવસાર - અને દિકરાએ પિતાને આપેલું વચન નિભાવ્યું



તા. ૨૩-૮-૧૯૯૬નો એ દિવસ, સરકારી પ્રેસના એક નિવૃત્ત કર્મચારી બાબુલાલ ભાવસાર મરણ પથારીએ અંતિમ શ્વાસ લઈ રહ્યા છે. તેમનો એક દિકરો અને ત્રણ દિકરીઓ તેમના પલંગની ચોતરફ ગમગીન બની ઉભી છે. બાબુલાલને કંઈક કહેવું છે પણ ગળે ડુમો ભરાયો છે. ટગર ટગર દિકરી પ્રફુલ્લા સામે જોઈ રહ્યા છે અંતે દિકરી પ્રફુલ્લા તરફ હાથનો ઈશારો કરી ભાંગી તુટી ભાષામાં બોલે છે. મારી દિકરી... પ્રફલ્લા... એનું કોણ ? દિકરો મહેન્દ્ર સમજી ગયો કે પિતાજીને મારી બહેનની ચિંતા છે. કારણ કે, પ્રફુલ્લા તેમની લાડકી દિકરી હતી. તે બચપણથી ખૂબ રમતિયાળ અને દિલની ભોળી... દિકરાએ પિતાને સાંત્વન આપ્યું કે, પપ્પા... પ્રફુલ્લાની ચિંતા ન કરશો. મારે ત્રણ દિકરીઓ છે. પ્રફુલ્લાને મારી ચોથી દિકરી ગણીશ. એને જરાય દુઃખ નહિ પડવા દઉં. અને બાબુલાલને જાણે આ જ ક્ષણનો ઇંતજાર હતો... તેમણે દેહ છોડી દીધો. પ્રફુલ્લા આમ તો કઠણ કાળજાની પણ આ સમયે તે હૈયું હાથ ન રાખી શકી. આંખો અનરાધાર વરસી પડી.. કયાંય સુધી રડ્યા જ કર્યું અને એ જ ક્ષણે એણે એવો નિશ્ચય કર્યો કે પોતાને માટે તો સૌ જીવે, લોકોની સેવા કરી મારે આ જીંદગીને સાર્થક કરવી છે, ને પપ્પાને આ જ મારી શ્રદ્ધાંજલિ હોઈ શકે. પિતાની પુણ્યતિથિએ એક સદ્કાર્ય કરવું અને લોકસેવાનો એક નવો અધ્યાય શરૂ કરવો. બસ પછી તો પ્રફુલ્લાની વણથંભી સેવા યાત્રા શરૂ થઈ. જો માનવી સાફ દિલથી નેક કામ કરવા ઈચ્છે તો કુદરત એના માર્ગમાં આવતા તમામ અવરોધો દૂર કરે છે. ભાઈની ઇચ્છા હતી કે બહેન ઘર સંસાર માંડી સુખી થાય પણ પ્રફુલ્લાને તો એક નવી જ લગની લાગી હતી... સેવા... સેવા... ને સેવા... તે સમયે ૨૯ સેકટરમાં પાણીનો પ્રશ્ન હોય, સ્ટ્રીટ લાઈટનો પ્રશ્ન હોય, સૌની ફરીયાદ લઈ પ્રફુલ્લા ઈન્કવાયરી ઓફિસ ઉપડી જાય અને અધિકારીઓને મળી તાત્કાલિક ફરીયાદોનો નિકાલ કરાવે. એટલું જ નહિ નોકરી કરતી મહિલાઓના બાળકોને પોતાના ઘરે લઈ આવે અને તેને સાચવે. કોઈ અશક્ત માજીને મંદિરે જવાની ઈચ્છા હોય તો પોતાના સ્કુટર પાછળ બેસાડી મંદિરે લઈ જાય. આડોશી પાડોશીની તબિયત બગડે તો પોતાનું સ્કુટર લઈ ડોકટરને બોલાવી લાવે. કોઈ સેવા કરનારું મળી જાય તો મફતની સેવા લેવામાં લોકોને ક્યાં ક્ષોભ નડે છે? સેકટર-૪માં પણ પ્રફુલ્લાબેન સૌના માનીતા થઈ

### સંબંધ સજાવે જિંદગી

- પોપટલાલ એસ. પ્રજાપતિ

ગયા. પછી તો ભજન મંડળની બહેનો પણ પ્રફુલ્લાબેનનની સેવા મેળવવા માટે તત્પર રહેવા લાગી. જ્યાં પણ મહિલા મંડળના ભજન હોય ત્યાં સેવાકીય કામ માટે પ્રફુલ્લાબેન હાજર જ હોય. જરા નવરાશ મળે ને અજંપો થાય... કોઈ ગરીબ પરિવારની દિકરીનું લગ્ન હોય તો તેના હાથે મહેંદી મુકી આપવાનું કામ પણ પ્રફુલ્લાબેનનું. ઝુંપડપટ્ટીમાં ભુખ્યા બાળકો જુએ તો તેમના માટે બિસ્કીટ પણ લઈ આવે. ફંડફાળો કરીનેય આવા દીન દુખિયાની વહારે દોડી જાય. કોઈ મંડળ નહિ, કોઈ સંસ્થા નહિ, એક જ વ્યક્તિની અલગારી સંસ્થા. હરતું ફરતું સેવા કેન્દ્ર એટલે પ્રફુલ્લાબેન ભાવસાર. જરા નવરાશ મળી એટલે પહોંચી ગયા સેકટર-૩ની પ્રાથમિક શાળામાં આચાર્યને મળીને પુછ્યું મને બાળકોની સેવા કરવાની તક આપો. આચાર્યએ પ્રફુલ્લાબેનના માંહ્યલાને પીછાણ્યો તેમણે સર્વશિક્ષા અભિયાન અંતર્ગત અઢીથી પાંચ વર્ષના બાળકોને તાલિમ આપવાની જવાબદારી સોંપી. પ્રફુલ્લાબેનને દોડવું હતું ને ઢાળ મળ્યો. દરરોજ ૧૧ થી ૨ સ્કુલમાં જઈ ઝુંપડપટ્ટીના બાળકોને શિક્ષણ પ્રત્યે રૂચિ કેળવાય તેની તાલિમ આપવા માંડ્યા. બાકીના સમયે તેઓ સાંઈબાબાના મંદિરે પહોંચી કાર સેવામાં લાગી જાય.. પ્રફુલ્લાબેન એક અલગારી જીવ અને અલગારી સમાજ સેવિકા છે. આખા દિવસ દરમ્યાન સેવાકીય પ્રવૃત્તિ કરતાં બહેનને તેમના ભાઈ કે ભાભીએ કયારેય ટોક્યા નથી. પિતાને આપેલા વચન મુજબ બહેનની લાગણી દુભાય કે તેને દુઃખ લાગે તેવું વર્તન કે વ્યવહાર ક્યારેય કરતાં નથી. બેનને પણ ભાઈ પ્રત્યે એટલો જ આદર છે. બેનને લાગેલી ધુનને તરંગ કહો કે પાગલપન પણ પોતાની અંગત જીંદગીની પરવા કર્યા સિવાય સમસ્ત જીવન લોકસેવામાં સમર્પિત કરનાર આવા પાત્રો બહુ ઓછા મળે... આનુ નામ ગાંધીનગર.